# Silver Oak College Media Coverage

Press Coverage by leading dailies like Divya Bhaskar, AM, Gujarat Samachar, Sandesh, Nav Gujarat Samay etc... on 30/03/2016 on "Development of GTU new website"

Divya Bhaskar Date : 30/03/2016

## જીટીયુના 5 લાખ વિદ્યાર્થી હવે મોબાઈલ પરથી જ પરિણામ જોઈ શકશે

### છેલ્લાં ત્રણ વર્ષ સુધીનાં રિઝલ્ટ જોઈ શકાશે

### એપ્રિલમાં જોબફેર, 104 કંપનીઓ ભાગ લેશે

### અનુભવ માટે 92 વિદ્યાર્થી કેન્સાસ યુનિવર્સિટી જશે

## યુનિ.સંલગ્ન કોલેજના પ્રોફેસરે તેમના માર્ગદર્શન હેઠળ કમ્પ્યુટર ઈજનરીના વિદ્યાર્થી પાસે તૈયાર કરાવી

જીટીયુ દ્વારા છેલ્લા ઘણા સમયથી નવી વેબસાઈટ બનાવવાની તૈયારી ચાલતી હતી અને જે માટે જીટીયુ સંલગ્ન સિલ્વર ઑક એન્જિનિયરિંગ કોલેજના કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટને કામ સોંપાયુ હતું. આ કોલેજના કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટના હેડ અને પ્રોફેસર સાત્વિક ખારાના માર્ગદર્શન હેઠળ આ જ કોલેજના કોમ્પ્યુટર ઈજનેરીના વિદ્યાર્થી કુશલ પટેલ દ્વારા વેબસાઈટ ડિઝાઈન અને ડિઝાઈન કરવામા આવી છે.

આ અંગે જીટીયુના કુલપતિએ જણાવ્યુ હતું કે જીટીયુની સ્થાપના થઈ ત્યારથી એક જ લેઆઉટ અને લૂકમાં વેબસાઈટ હતી. છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત આ વેબસાઈટનો લૂક અને લેઆઉટ યુઝર ફ્રેન્ડલી બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને ખૂબ જ સરળતા રહે તે માટે આ વેબસાઈટ ખૂબ જ એડવાન્સ લેવલ પર તૈયાર કરાઈ છે. અને ખાસ વાત એ છે કે આ નવી વેબસાઈટની ડિઝાઈનમાં મોબાઈલ બ્રાઉઝર પર ભાર મુકાયો છે. જેથી હવે વિદ્યાર્થીઓ કે કોઈ પણ વ્યક્તિ મોબાઈલ પરથી જ સરળતાથી જીટીયુની વેબસાઈટ ખોલી શકશે અને કોઈ પણ માહિતી મેળવી શકશે. આ ઉપરાંત આ નવુ બ્રાઉઝર ખૂબ જ ઝડપી

## સ્ટુડન્ટ્સ એપ પર પોતાનું રિઝલ્ટ જાણી શકશે



સંદેશ Wed, 30 March 2016

## જીટીયુ મોબાઈલ એપ લોન્ચ થતાં

## વિદ્યાર્થીઓ હવે પરીક્ષાના પરિણામો એપથી મેળવી શકશે



## GTU LAUNCHES MOBILE APP TO HELP CHECK EARLIER MARKS

The Gujarat Technological University (GTU) has developed a new mobile application GTUResults that allows students to check for marks from earlier semesters. As per the varsity officials, students need to type in their enrollment numbers, academic year, current semester and name of exam for which they are seeking marks. The app will be useful for students of PhD, BE, B Pharm, Diploma in Hotel Management, MBA, MCA, MCA Integrated. The GTU has also revamped its website under the guidance of VC Dr Akshai Aggarwal.

## મોબાઈલ પર પરિણામ જોવા માટે એપ્લિકેશન બનાવતા છાત્રો

Date : 30/03/2016

SILVER OAK
Education to Innovation

## Silver Oak College Media Coverage

### જીટીયુ મોબાઈલ એપ લોન્ચ થતાં

# વિદ્યાર્થીઓ હવે પરીક્ષાના પરિણામો એપથી મેળવી શકશે



અમદાવાદ,તા.૨૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તરફથી નવી મોબાઈલ એપ્લિકેશન અને નવી વેબસાઈટ ૨૯ માર્ચના રોજ લોન્ચ કરવામાં આવી છે. મોબાઈલ એપની મદદથી વિદ્યાર્થીઓ પરીક્ષાના જૂના તેમજ વર્તમાન પરિણામો મેળવી શકશે.

જીટીયુરિઝલ્ટ્સ નામના આ એપમાં વિદ્યાર્થીઓએ ફક્ત પોતાનો એનરોલમેન્ટ નંબર આપવાનો રહે છે. તેમાં સત્રની માહિતી, કોર્સ, સેમેસ્ટર, અને પરીક્ષાની અન્ય વિગતો પસંદ કરવાની રહે છે. તેમાં પીએચડી, બીઈ, એમટીએમ, બેચલર ઑફ પ્લનિંગ, બી.ફાર્મ, એમ.ફાર્મ, એમસીએ, એમઈ, માસ્ટર ઑફ પ્લનિંગ સહિતના પરિણામો ઉપલબ્ધ બનશે.

દરમિયાન, જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અક્ષય અગ્રવાલના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીની વેબસાઈટને દમદાર બનાવવામાં આવી છે. સિલ્વર ઓક કૉલેજ ઑફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીના પ્રોફેસર – સાત્વિક ખારા અને વિદ્યાર્થી – કુશલ પટેલ ઉપરાંત સિસ્ટમ એડમિનીસ્ટ્રેટર –કેયુર શાહ તથા પ્રોગ્રામર – રૂપેન્દ્ર ચોરસિયા સહિતની જીટીયુ આઈટી ટીમે લેટેસ્ટ ટ્રેન્ડ અને ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને નવી વેબસાઈટ બનાવી છે. છેલ્લા બે મહિનાથી વિદ્યાર્થીઓના ફીડબેક મેળવીને વર્તમાન વેબસાઈટમાં કેવા સુધારાવધારા કરવા તેના પર કામ ચાલી રહ્યું છે. આજકાલ અનેક વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસરો સ્માર્ટ ફોન પર એકસાથે વેબસાઈટ જોતા હોવાથી તેનાથી વેબસાઈટની સ્પીડને અસર ન થાય તે રીતે નવી વેબસાઈટ બનાવવામાં આવી છે.